# મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડમાં આઉટ-સોર્સિંગ કર્મચારીઓની ભરતી

## (૧) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન વીજ કંપનીઓમાં નોકરી માટે ભરતીની પ્રક્રિયા શું છે?

**માનનીય ધારાસભ્યશ્રી -**

**જવાબ**

- માનનીય અધ્યક્ષશ્રી અને વિધાનસભાના મારા સૌ સાથી સદસ્ય મિત્રો, આપ સૌ જાણો છો તેમ ગુજરાત વિદ્યુત બોર્ડનું કંપનીકરણ થયા બાદ છેલ્લા બે દાયકાથી ગુજરાતનું ઊર્જા ક્ષેત્રે વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહેલ છે.
- વીજ ઉત્પાદન હોય , વીજ પ્રવહન હોય કે વીજ વિતરણ સેવાઓ ગુજરાત તમામ સ્તરે ઉત્તમ કામગીરી કરી રહેલ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતે જ્યોતિગ્રામ થકી શહેરોની જેમ જ ગામડાઓને પણ ૨૪ કલાક થ્રી ફેજ ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજળી આપીને સમગ્ર ભારત વર્ષને એક નવો રાહ બતાવ્યો છે તે આપણે સૌ જાણીએ છીએ.
- રાજ્યની વીજ કંપનીઓએ સમયાંતરે વિવિધ કેડરમાં ભરતી કરી રાજ્યના યુવાનોને વીજ ક્ષેત્રે કારકિર્દી ઘડવા અને વીજ સેવાના એક અભિન્ન અંગ બની રાજ્યના લોકજીવનમાં, તેના સમાજિક અને ઔદ્યોગિક વિકાસમાં પોતાનું યોગદાન આપવા ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પડેલ છે.
- GUVNL અને તેની સંલગ્ન કંપનીઓમાં એન્ટ્રી લેવલની કેડર જેમાં વિદ્યુત સહાયક જુનિયર એન્જિનિયર, વિદ્યુત સહાયક જુનિયર આસિસ્ટન્ટ, વિદ્યુત સહાયક પ્લાન્ટ એટેન્ડન્ટ - ૧ અને વિદ્યુત સહાયક ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટનો

સમાવેશ થાય છે. આ વિવિધ જગ્યાઓ પર છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૧૧,૬૦૦ જેટલી નવી નોકરીઓ પ્રદાન કરી છે.

- છેલ્લા ૫ વર્ષો દરમિયાન, GUVNL અને તેની પેટા કંપનીઓમાં લગભગ ૩૨ હજારથી વધુ એપ્રેન્ટિસને તાલીમ આપેલ છે. તેમજ ઘણા એપ્રેન્ટીસ કે જેમણે તાલીમ પૂર્ણ કરી છે તેઓ GUVNL અને તેની પેટા કંપનીઓમાં વિદ્યુત સહાયક (ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ)ના એન્ટ્રી લેવલ કેડરમાં કાર્યરત છે.

## ➢ કાયમી કર્મચારીઓ માટેની ભરતી પ્રક્રિયા

- **સૌ પ્રથમ અખબારો મારફતે અને કંપનીના વેબસાઇટ ઉપર ભરતીની જાહેરાત કરવામાં આવે છે.**
- **જાહેરાતમાં દર્શાવેલ તારીખના રોજ જરૂર મુજબ ઓનલાઇન કે ઓફલાઇન પરીક્ષા લીધા બાદ ઉતીર્ણ થયેલ ઉમેદવારોનું રોસ્ટર મુજબ મેરીટ લીસ્ટ જાહેર કરાય છે અને લાયકાત ધરાવતા ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશન બાદ યોગ્યતા પામેલ ઉમેદવારોએ મેડિકલ ચેકઅપ કરાવીને તેનું સર્ટિફિકેટ જમા કરવાનું રહે છે. આ સમગ્ર પ્રક્રિયામાંથી ઉતીર્ણ થયા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોને જે તે ખાલી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે છે**
- **જુનિયર ઇજનેરની એન્ટ્રી કેડરમાં ભરતી થયા બાદ પ્રમોશન થકી ક્રમશઃ નાયબ ઇજનેર , કાર્યપાલક ઇજનેર , અધિક્ષક ઇજનેર , નાયબ મુખ્ય ઇજનેર અને મુખ્ય ઇજનેર સુધી બઢતી મળે છે.**
- **જુનિયર આસિસ્ટન્ટની એન્ટ્રી કેડરમાં ભરતી થયા બાદ પ્રમોશન થકી ક્રમશઃ સિનિયર આસિસ્ટન્ટ, નાયબ અધિક્ષક , અધિક્ષક , એકાઉન્ટ ઓફિસર , ડેપ્યુટી ચીફ એકાઉન્ટસ ઓફિસર , કંટ્રોલર ઓફ એકાઉન્ટસ , ચીફ ફાઈનાન્સ મેનેજર અને જનરલ મેનેજર સુધી બઢતી મળે છે.**

- ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની એન્ટ્રી કેડરમાં ભરતી થયા બાદ પ્રમોશન થકી ક્રમશઃ આસિસ્ટન્ટ લાઈનમેન , લાઈનમેન અને લાઇન ઈન્સ્પેકટર સુધી બઢતી મળે છે.

## ➢ ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ ઉમેદવારો માટેની ભરતી પ્રક્રિયા

- વીજ કંપનીઓમાં એપ્રેન્ટિસશીપ તાલીમ પૂર્ણ કરેલ હોય તેવા ઉમેદવારોમાંથી ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ભરતી માટે અખબારો મારફતે અને કંપનીના વેબસાઇટ ઉપર જાહેરાત કરવામાં આવે છે.
- સૌ પ્રથમ શારીરિક માપદંડ-ફિટનેસ તપાસવા માટે પોલ ટેસ્ટ લેવામાં આવે છે.
- પોલ ટેસ્ટમાં ઉતીર્ણ થેયલ ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવે છે.
- પોલ ટેસ્ટ અને લેખિત પરીક્ષાના સંયુક્ત ગુણ અને રોસ્ટર મુજબ ફાઇનલ મેરીટ લીસ્ટ જાહેર કરાય છે તથા લાયકાત ધરાવતા ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. ડોક્યુમેન્ટ વેરિફિકેશન બાદ યોગ્યતા પામેલ ઉમેદવારોએ  મેડિકલ ચેકઅપ કરાવીને તેનું સર્ટિફિકેટ જમા કરવાનું રહે છે.સમગ્ર પ્રક્રિયામાંથી ઉતીર્ણ થયા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોને જે તે ખાલી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે છે.

- **યોગ્યતાના માપદંડ...**

| ટેકનિકલ કેડર | |
|---|---|
| **કેડર** | **માપદંડ** |
| વિદ્યુત સહાયક (ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ) | ધોરણ ૧૦ પાસ – આઇટીઆઇ (ઇલેક્ટ્રિસિઅન, વાયરમેન, ફિટર, ટર્નર, વેલ્ડર વગેરે) અને એપ્રેન્ટિસશીપ બાદ NCVT પરીક્ષા પાસ કરેલ |
| વિદ્યુત સહાયક (પ્લાન્ટ એટેન્ડન્ટ – ગ્રેડ ૧) | મિકેનિકલ / ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા |
| વિદ્યુત સહાયક (જુનિયર એન્જિનિયર) | માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાથી (જરૂરિયાત મુજબના પ્રવાહમાં) એન્જિનિયરિંગની સ્નાતકની ડિગ્રી |

| નોન - ટેકનિકલ કેડર | |
|---|---|
| **કેડર** | **માપદંડ** |
| વિદ્યુત સહાયક (જુનિયર આસિસ્ટન્ટ) | માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાથી બીએ, બીકોમ, બીબીએ, બીસીએ પ્રવાહમાં સ્નાતકની ડિગ્રી |

- **એપ્રેન્ટિસશીપ ઉમેદવારો માટે તેમના આઇટીઆઇ અભ્યાસમાં મેળવેલ ગુણોનું મેરીટ લિસ્ટ બનાવી તેને ધ્યાને લેવાય છે.**

## (૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન વીજ  કંપનીઓમાં કેટલીક સેવાઓ માટે કાયમી ભરતી કરવાને બદલે આઉટ-સોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે તેના કારણો શું છે?

**જવાબ**

- સામાન્ય રીતે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સલગ્ન વીજ કંપનીઓમાં ફુલ ટાઈમ અને કાયમી પ્રકારની સેવાઓ સિવાયની એવી કામગીરી કે જે મર્યાદિત અને ટૂંકા ગાળાની હોય તેવી કામગીરી માટે જેમકે વિવિધ કચેરીઓની સાફ-સફાઈ, હાઉસ-કીપિંગ, માળીકામ, મટિરિયલનું લોડીંગ-અનલોડીંગનું લેબર કામ વગેરે જેવા કામો માટેની સેવાઓ આઉટસોર્સિંગ તથા કોન્ટ્રાક્ટથી લેવામાં આવે છે.
- પાવર પ્લાન્ટસ, વિવિધ ક્ષમતાના સબસ્ટેશન, વિવિધ કચેરીઓ, સ્ટોરના માલ સામાન વગેરેની સુરક્ષા અને સલામતીની કામગીરી માટે મિલીટરી ,પેરા-મિલીટરી અને પોલીસ ફોર્સમાં ફરજ બજાવેલ હોય તેવા જવાનોની આઉટસોર્સીંગ એજન્સીઓ દ્વારા સેવા લેવામાં આવે છે. કારણ કે વીજ કંપની દ્વારા કાયમી ભરતીમાં ઉમરની મર્યાદા છે જ્યારે મિલીટરી , પેરા-મિલીટરી અને પોલીસ ફોર્સમાં ફરજ બજાવેલ હોય તેમની આઉટસોર્સીંગ એજન્સીઓ દ્વારા ભરતી કરવામાં ૬૫ વર્ષની વય મર્યાદાની જોગવાઈ હોઇ આવા જવાનો કે જેમણે દેશની સુરક્ષામાં પોતાનું યોગદાન આપેલ છે તેમને નિવૃત્ત થયા બાદ રોજગારી મળી રહે તે માટે સુરક્ષા અને સલામતીની કામગીરી માટે તેમની સેવાઓ આઉટસોર્સીંગ એજન્સીઓ પાસેથી લેવામાં આવે છે. તદ્દુપરાંત ડીપાર્ટમેન્ટ ઓફ એક્સ સર્વીસ મેન વેલ્ફેર હેઠળ ડાયરેક્ટર જનરલ ઓફ રીસેટલમેન્ટ દ્વારા વખતો વખત આપવામાં આવેલ સૂચનાઓ અનુસાર એક્સ સર્વિસમેન, એક્સ પોલીસ / પેરા મિલિટરી મેનને આઉટસોર્સિંગ મારફતે રોજગાર પૂરો પાડવામાં આવે છે.

## પૂરક પ્રશ્નો

**(૧) વર્ષ ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં વર્ષવાર રાજ્યની જુદી-જુદી વીજ કંપનીઓમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ છે ?**

### જવાબ

| કંપની | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ | કુલ કર્મચારીઓની ભરતી |
|---|---|---|---|---|
| જીયુવીએનએલ | ૦૧ | ૧૧ | - | ૧૨ |
| જીએસઈસીએલ | ૫૫ | ૬૩૪ | ૪૪ | ૭૩૩ |
| એમજીવીસીએ | ૨૪૪ | ૨૮૪ | ૫૭ | ૫૮૫ |
| ડીજીવીસીએલ | ૪૪૦ | ૧૯૬ | - | ૬૩૬ |
| યુજીવીસીએલ | ૫૬૫ | ૫૪૦ | - | ૧૧૦૫ |
| પીજીવીસીએલ | ૧૫૮૭ | ૪૦૦ | ૩૪ | ૨૦૨૧ |
| જેટકો | ૧૭૦૫ | ૧૧૩ | ૧૮૦૩ | ૩૬૨૧ |
| **કુલ** | **૪૧૫૭** | **૧૯૮૨** | **૧૯૩૮** | **૮૭૧૩** |

## (૨) વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં રાજ્યની જુદી જુદી વીજ કંપનીઓમાં કેટલા યુવાનોને એપ્રેન્ટિસ તાલીમ આપવામાં આવેલ છે?

### જવાબ

| ક્રમ | કંપની | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | કુલ (૨૦૨૧-૨૨ +૨૦૨૨-૨૩) |
|---|---|---|---|---|
| ૧ | જીયુવીએનએલ | ૨૩ | ૩૬ | ૫૯ |
| ૨ | જીએસઈસીએલ | ૧૦૬૨ | ૮૫૦ | ૧૯૧૨ |
| ૩ | એમજીવીસીએલ | ૭૭૫ | ૬૮૧ | ૧૪૫૬ |
| ૪ | ડીજીવીસીએલ | ૬૬૮ | ૭૫૫ | ૧૪૨૩ |
| ૫ | યુજીવીસીએલ | ૧૦૫૯ | ૧૧૮૧ | ૨૨૪૦ |
| ૬ | પીજીવીસીએલ | ૧૪૪૨ | ૧૭૯૬ | ૩૨૩૮ |
| ૭ | જેટકો | ૧૨૭૪ | ૧૬૨૬ | ૨૯૦૦ |
| **કુલ** | | **૫૬૩૫** | **૬૧૭૦** | **૧૩૨૨૮** |

## (૩) રાજ્યની વીજ કંપનીઓમાં સુરક્ષાગાર્ડની સેવાઓ આઉટ-સોર્સિંગથી લેવામાં આવે છે તે સુરક્ષાગાર્ડ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે તે માટેના ધારા-ધોરણ અને પ્રક્રિયા શું છે?

- જીયુવીએનએલ અને તેની સંલગ્ન વીજ કંપનીઓમાં તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડના સમયથી ડીપાર્ટમેન્ટ ઓફ એક્સ સર્વીસ મેન વેલ્ફેર હેઠળ ડાયરેક્ટર જનરલ ઓફ રીસેટલમેન્ટ દ્વારા વખતો વખત આપવામાં આવેલ સૂચનાઓ અનુસાર એક્સ સર્વિસમેન, એક્સ પોલીસ/પેરા મિલિટરી મેન તેમજ સીવીલ ગાર્ડસને આઉટ શોર્સીંગ મારફતે રાજગાર પૂરો પાડવામાં આવે છે.
- ઉપરોક્ત નિર્દેશ મુજબ ડાયરેક્ટર જનરલ ઓફ રીસેટલમેન્ટની ઓફિસ ખાતે રજીસ્ટર્ડ થયેલ રીટાયર્ડ એક્સ સર્વીસમેન (ક્લાસ-૧) ની સિક્યુરીટી એજન્સીને જ વિવિધ વીજ કંપનીઓ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા ટેન્ડરમાં ભાગ લેવા દેવામાં આવે છે. જે અંતર્ગત વધુમાં વધુ એજન્સીને કામ મળી રહે તે હેતુથી કોઈ પણ એક એજન્સીને વધુમાં વધુ ૪૦૦ સિક્યુરીટી ગાર્ડ પૂરા પાડવા સુધીનું કામ આપવામાં આવે છે.
- ઉપરોક્ત બાબતમાં જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓમાં નીચે જણાવેલ ટકાવારી મુજબ એક્સ સર્વિસમેન, એક્સ પોલીસ/પેરા મિલિટરી મેન તેમજ સીવીલ ગાર્ડસને આઉટ શોર્સીંગ એજન્સી મારફતે રાખવા માટેનો નિર્દેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | કેટેગરી | ટકાવારી |
|---|---|---|
| ૧. | એક્સ સર્વિસ મેન, એક્સ પોલીસ/પેરા મિલિટરી મેન | ઓછામાં ઓછા ૫૦ % |
| ૨. | સીવીલ ગાર્ડ | વધુમાં વધુ ૫૦ % |

- મિલીટરી ,પેરા-મિલીટરી અને પોલીસ ફોર્સમાં ફરજ બજાવી દેશની સુરક્ષામાં પોતાનું યોગદાન આપવા બદલ, તેઓ નિવૃત્ત થયા બાદ તેઓને રોજગારી મળી રહે તેવા શુભ આશયથી એક્સ સર્વિસમેન તેમજ એક્સ પોલીસ/પેરા મિલિટરી મેનને રોજગાર આપવા માટેનું પ્રાવધાન કરવામાં આવેલ છે.
- મિલીટરી ,પેરા-મિલીટરી અને પોલીસ ફોર્સમાં ફરજ બજાવેલ હોય તેમની આઉટસોર્સીંગ એજન્સીઓ દ્વારા ભરતી કરવામાં ૬૫ વર્ષની વય મર્યાદાની જોગવાઈ હોય તેમને રોજગાર મળે છે.

(૪) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે?

| વીજ કંપનીનું નામ | કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગ | ચૂકવવામાં આવતો પગાર (રૂ. કરોડમાં ) |
| --- | --- | --- |
| MGVCL | ૭૮૭ | ૧૫ કરોડ ૯૦ લાખ |

(૫) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે?

| | |
| --- | --- |
| ડ્રાઇવર | ૧૦૨૨૩ |
| વિશેષ પોલિસ સહાયક | ૨૧૬૪૫ |
| મીટર રીડર | ૬૨૪૧ |
| સફાઈ કર્મી | ૧૩૩૯૪ |
| લેબર | ૧૦૩૭૦ |
| સિક્યોરિટી ગાર્ડસ | ૧૯૭૫૨ |
| કમ્પ્યુટર અને પ્રિંટર સર્વિસ | ૭૫૧૬ |
| કૂક | ૧૧૭૭૮ |
| ગાર્ડનિંગ મેનપાવર | ૧૫૨૮૯ |
| ક્લીનિંગ વર્ક | ૧૫૫૫૮ |
| ગાર્ડન મેંટેનસ | ૧૪૧૮૮ |
| સખી મંડળ મિટર રિડીગ | ૩૪૦૦ |

## (૬) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઈ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે?

| અ.નં. | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ |
|---|---|
| ૧ | વાઇટલ ફેસિલિટી. |
| ૨ | ટીપ ટોપ સિક્યોરિટી, વડોદરા |
| ૩ | મે.ઘનશ્યામ ઇનફ્રાસ્ટ્રક્ચર એન્ડ કંપની, ગાંધીનગર |
| ૪ | ઉમા મેન પાવર મેનેજમેંટ સર્વિસિસ, અમદાવાદ |
| ૫ | ગ્રુપ ૭ ગાર્ડ્સ (ઈન્ડિયા) પ્રાઇવેટ લિમિટેડ ,મુંબઈ |
| ૬ | શ્રી. જે એસ પારેખ |
| ૭ | મહિલા જાગૃતિ વિકાસ મંડળ સખીમંડળ |
| ૮ | જય યોગેશ્વર સખીમંડળ |
| ૯ | ઉછેટ ગ્રામ સખી સંઘ સખીમંડળ |
| ૧૦ | ખાનપુર સખીમંડળ |
| ૧૧ | ઊખરેલી સખીમંડળ |
| ૧૨ | જૂના રબડીયા સખીમંડળ |
| ૧૩ | સમાના સખીમંડળ |
| ૧૪ | ગાવ ડુંગરા સખીમંડળ |
| ૧૫ | તુષાર એન્ટરપ્રાઇસ |
| ૧૬ | મેક્સ વિજિલ |
| ૧૭ | અમિધારા ઇન્ફોટેક |
| ૧૮ | નિમિ એન્ટપ્રાઇસ |
| ૧૯ | લો-કેલ કેટરર્સ |
| ૨૦ | સાજ ક્રિએશન/પૂજા કન્સ્ટ્રકશન |
| ૨૧ | ડી.જી. નાકરાણી |
| ૨૨ | એમ.જે. સોલંકી. |
| ૨૩ | લક્ષ્મી હાઉસ કીપીંગ/ શશી કેટરિંગ સર્વિસિસ |
| ૨૪ | વાઘોડિયા સખી મંડળ |
| ૨૫ | સિદ્ધિ લેબર. |
| ૨૬ | સાયબરકેડ ટેક્નોલોજી પ્રાઈવેટ લીમીટેડ. |
| ૨૭ | એસ.આર.એન્ટરપ્રાઇસ |
| ૨૮ | એડ્વાન્સ ઇલેક્ટ્રીક વર્કસ |
| ૨૯ | મનહરી સિક્યુરિટી એજન્સી |
| ૩૦ | માર્ક એસોસીયેટ્સ |